RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 322 *Date: 12.09.2025,Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## વારાણસીમાં મોદીએ કહ્યું- ભારત-મોરેશિયસ પાર્ટનર નહીં, પરિવાર છે:રામગુલામે કહ્યું- ભારત હંમેશા મોરેશિયસની વિકાસની યાત્રામાં સાથે રહ્યું છે





પીએમ નરેન્દ્ર મોદી વારાણસીની મુલાકાતે છે. અહીં તેમણે મોરેશિયસના પીએમ નવીનચંદ્ર રામગુલામને મળ્યા. બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો થઈ. આમાં ઘણા કરારો પર હસ્તાક્ષર થયા. પીએમ મોદીએ કહ્યું- ભારત અને મોરેશિયસ પાર્ટનર નહીં, પણ પરિવાર છે. આ માત્ર ઔપચારિકતા નહીં, પરંતુ એક આધ્યાત્મિક મિલન છે.પીએમ મોદીએ વારાણસીમાંપોલીસ લાઇનથી ૩ કિમી લાંબો રોડ શો કર્યા પછી તેઓ હોટેલ તાજ પહોંચ્યા હતા. અહીં મોદી મોરેશિયસના પીએમ નવીનચંદ્ર રામગુલામને મળ્યા. મોદીએ અહીં મોરેશિયસના પીએમ સાથે દ્વિપક્ષીય વાતચીત કરી. આમાં બંને દેશોના સીનિયર અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.આ પહેલા પીએમ મોદી પોલીસ લાઇનથી ૩ કિમી લાંબો રોડ શો કર્યા પછી હોટેલ તાજ પહોંચ્યા હતા. આ દરમિયાન હજારો લોકો મોદીનું સ્વાગત કરવા માટે રસ્તાની સાઈડમાં ઉભા હતા. તેમણે કાફલા પર ફૂલોની વર્ષા કરી હતી.શંખનાદ કર્યો હતો.વારાણસીમાં રાજ્યપાલ આનંદીબેન પટેલ અને સીએમ યોગીએ એરપોર્ટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું. સીએમએ તેમને ગુલાબનું ફૂલ આપ્યું હતું. પીએમ એરપોર્ટથી હેલિકોપ્ટર દ્વારા પોલીસ લાઇન હેલિપેડ ગયા, ત્યારબાદ રોડ માર્ગે હોટેલ તાજ પહોંચ્યા હતા. આ દરમિયાન, જનપ્રતિનિધિઓ અને ભાજપના અધિકારીઓ પીએમનું તેમના માર્ગમાં વિવિધ સ્થળોએ સ્વાગત કર્યું હતું.

મોરેશિયસના પીએમ આજે સાંજે નમો ઘાટથી ક્રુઝ પર સવાર થશે અને દશાશ્વમેઘ ઘાટ પહોંચશે, જ્યાં તેઓ ગંગા આરતીમાં સામેલ થશે. યોગી સરકારે પીએમ રામગુલામના માનમાં સાંજે હોટેલ તાજ ખાતે રાત્રિભોજનનું આયોજન કર્યું છે.૧૨ સપ્ટેમ્બરના રોજ મોરેશિયસના ँ ર બાબા વિશ્વનાથ મંદિરની મુલાકાત લેશે અને પૂજા કરશે. ત્યારબાદ સવારે ૧૦.૩૦ વાગ્યે તેઓ બાબતપુર એરપોર્ટથી અયોધ્યા જવા રવાના થશે, જ્યાં તેઓ રામલલ્લાના આશીર્વાદ લેશે.

## કતાર પર ઈઝરાયલના હુમલાથી નેતન્યાહૂ પર ભડક્યા ટ્રમ્પ, ફોન કરી આપી ચીમકી





હમાસ અને ઈઝરાયલ વચ્ચે છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા થઈ રહેલી તૈયારીઓ વચ્ચે કતારના દોહામાં ઈઝરાયલના હુમલાથી સૌ સ્તબ્ધ બન્યા છે. બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ માટે મધ્યસ્થી અને નેતન્યાહૂના મિત્ર ડોનાલ્ડ ટ્રમ્પ પણ આ કાર્યવાહીથી ભડકી ઉઠ્યા છે. તેમણે ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂને ફોન કરી ધમકાવ્યા હોવાના અહેવાલ મળ્યા છે.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેલિફોનિક વાતચીતના માધ્યમથી બેન્જામિન નેતન્યાહૂને કહ્યું છે કે, આ પ્રકારની કરતૂત ચલાવી લેવામાં આવશે નહીં. આ તદ્દન અસ્વીકાર્ય છે. હું કહી રહ્યો છું કે, તમે આ પ્રકારની ગતિવિધિ ફરી કરશો નહીં. કતારની રાજધાનીમાં હુમલાથી ડોનાલ્ડ ટ્રમ્પના સલાહકાર પણ ચોંકી ઉઠ્યા છે. ટ્રમ્પે નેતન્યાહૂને સવાલ કર્યો છે કે, અંતે તમે આ પગલું લઈ જ કેવી રીતે શકો.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ઈઝરાયલના આ હુમલાની ટીકા કરી છે. ટ્રમ્પ સહિત અન્ય મુસ્લિમ દેશોએ પણ હુમલાને વખોડી કાઢ્યો હોવા છતાં નેતન્યાહૂ પોતાના વલણ પર અડગ છે. તેઓએ પુનરોચ્ચાર કર્યો છે કે, કતાર સહિત આતંકવાદીઓને પોષનારા દેશો પર અમે હુમલાઓ ચાલુ રાખીશું. કતારને ઓપન ચેલેન્જ છે કે, કાં તો તે આંતકવાદીઓને હાંકી કાઢે, અથવા હુમલા માટે તૈયાર રહે. લેબનોનમાં ફરી એકવાર ઈઝરાયલની સેનાએ હુમલો કર્યો છે. અમે હિઝબુલ્લાના ઠેકાણાંને નષ્ટ કર્યા છે. લેબનોનની બેકા ખીણમાં થયેલા હુમલાના વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે.

ઈઝરાયલની સેનાએ જણાવ્યું કે, અમે બેકા ખીણમાં હિઝબુલ્લાના ઠેકાણા પર હુમલા કર્યા છે. જ્યાં તેઓએ હથિયારોનો સંગ્રહ કર્યો હતો. બીજી તરફ સીરિયાએ પોતે જ પોતાના દેશમાં સ્થિત હિઝબુલ્લાના ઠેકાણાંને ટાર્ગેટ બનાવ્યા છે. સીરિયાના વર્તમાન પ્રમુખ અહમદ અલ શારાને હિઝબુલ્લાના વિરોધી છે. સીરિયાનો આ હુમલો ઈઝરાયલ માટે લાભદાયી રહ્યો છે.

## દિલ્હી એરપોર્ટ પર એર ઈન્ડિયાએ ૨૦૦+ મુસાફરોને ઉતાર્યા:સિંગાપોર જતી ફ્લાઇટમાં બે કલાક બેઠા રહ્યા; છઝ ખરાબ હતું, પછી એરક્રાફ્ટ બદલ્યું



એર ઈન્ડિયાની સિંગાપોર જતી ફ્લાઇટ નંબર છૈંર૩૮૦માં બુધવારે રાત્રે દિલ્હીમાં સમસ્યા સર્જાઈ હતી. જેના કારણે લગભગ બે કલાક સુધી ફ્લાઇટમાં બેઠેલા ૨૦૦થી વધુ મુસાફરોને દિલ્હી એરપોર્ટ પર નીચે ઉતારી દેવામાં આવ્યા હતા.

ફ્લાઇટમાં હાજર ન્યૂઝ એજન્સી ँના એક પત્રકારના જણાવ્યા અનુસાર, ફ્લાઇટની એર કન્ડીશનીંગ સિસ્ટમ અને પાવર સપ્લાયમાં ખામી હતી. તેમ છતાં, મુસાફરોને ફ્લાઇટમાં ચઢવાની મંજૂરી આપવામાં આવી હતી. મુસાફરો લગભગ બે કલાક સુધી ગરમીથી પીડાતા રહ્યા.સોશિયલ મીડિયા પર શેર કરાયેલા વીડિયોમાં જોવા મળ્યું હતું કે મુસાફરો ફ્લાઇટની અંદર અખબારો અને મેગેઝિન ઉલટાવીને ગરમીથી રાહત મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ પછી, ક્રૂ મેમ્બર્સે કોઈપણ કારણ આપ્યા વિના બધા મુસાફરોને ફ્લાઇટમાંથી નીચે ઉતરવા કહ્યું.મુસાફરોને બસ દ્વારા ટર્મિનલ બિલ્ડિંગમાં પાછા લઈ જવામાં આવ્યા. બોઈંગ ૭૮૭-૯ ડ્રીમલાઈનર વિમાન દ્વારા સંચાલિત આ ફ્લાઇટ રાત્રે લગભગ ૧૧ વાગ્યે રવાના થવાની હતી. બાદમાં, લગભગ છ કલાકના વિલંબ પછી, ગુરુવારે સવારે ૫.૩૬ વાગ્યે બધા મુસાફરોને બીજા વિમાન દ્વારા સિંગાપોર મોકલવામાં આવ્યા.એરલાઈને મુસાફરોની માફી માગી ગુરુવારે એક નિવેદનમાં, એર ઇન્ડિયાએ મુસાફરોને થયેલી અસુવિધા બદલ માફી માગી. એરલાઇને જણાવ્યું હતું કે, ×મુસાફરોને ફ્લાઇટમાં વિલંબ વિશે નિયમિતપણે જાણ કરવામાં આવતી હતી. દિલ્હીમાં અમારા ગ્રાઉન્ડ સ્ટાફે એરપોર્ટ પર મુસાફરોને ખોરાક અને પીણા સહિત તમામ શક્ય મદદ પૂરી પાડી હતી. વિમાન બદલ્યા પછી, ફ્લાઇટ ભારતીય સમય મુજબ સવારે ૫:૩૬ વાગ્યે રવાના થઈ.

૧૨ જૂનના રોજ અમદાવાદમાં ડ્રીમલાઈનર ક્રેશ થયા બાદથી એર ઈન્ડિયાની ફ્લાઈટ્સમાં ખામી સર્જાવાના વારંવાર કિસ્સાઓ સામે આવી રહ્યા છે. અમદાવાદ વિમાન દુર્ઘટનામાં ૨૭૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. વિમાનમાં ૨૪૨ લોકો સવાર હતા. વિમાન જ્યાં ક્રેશ થયું હતું તે મેડિકલ હોસ્ટેલમાં ૨૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા.આ ઘટના બાદ ટાટા ગ્રુપની માલિકીની એરલાઇન પર ભારે નજર રાખવામાં આવી છે. એર ઈન્ડિયાને અગાઉ વિલંબ, સેવા ફરિયાદો અને જાળવણી સમસ્યાઓ જેવા ઓપરેશનલ પડકારો માટે ટીકાનો સામનો કરવો પડ્યો છે.

## દેવાયત ખવડની મૂશ્કેલી વધી! મારામારી કેસમાં વેરાવળ સેશન્સ કોર્ટે ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા



ગીર સોમનાથમાં થયેલી મારામારીના કેસ મામલે વેરાવળ સેશન્સ કોર્ટે લોકસાહિત્યકાર દેવાયત ખવડના જામીન રદ કર્યા છે. જ્યારે પોલીસે ખવડના સાત દિવસના રિમાન્ડની માંગણી કરતાં કોર્ટે દેવાયત ખવડના સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. મળતી માહિતી મુજબ, તાલાલા ગીરમાં દેવાયત ખવડ અને તેમના સાથીઓએ એક યુવક પર હુમલો કર્યો હતો. આ ઘટના બાદ નીચલી કોર્ટે ખવડ સહિત કુલ ૧૫ આરોપીઓને જામીન મંજૂર કર્યા હતા, જેના પર તાલાલા પોલીસે વાંધો ઉઠાવ્યો હતો. જેમાં તાલાલા પોલીસે નીચલી કોર્ટ દ્વારા અપાયેલા જામીન સામે રિવિઝન અરજી દાખલ કરી હતી. વેરાવળ સેશન્સ કોર્ટ દ્વારા આ રિવિઝન અરજી માન્ય રાખી હતી અને દેવાયત ખવડના જામીન રદ કર્યા છે.

સમગ્ર કેસ મામલે તાલાલા પોલીસે દેવાયત ખવડના સાત દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. જેને લઈને વેરાવળ સેશન્સ કોર્ટે ખવડના સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. અમદાવાદ નજીકના સનાથલમાં રહેતો ધ્રુવરાજસિંહ ચૌહાણ અને લોક સાહિત્યકાર દેવાયત ખવડ વચ્ચે ગત ફેબ્રુઆરી માસમાં ડાયરામાં પૈસા આપવા છતાં ન આવવા મુદ્દે વિવાદ ચાલે છે એ મામલે ત્યારે બંને પક્ષ દ્વારા ફરિયાદ થઈ હતી. આ બાબતનું મનદુઃખ હજુ ચાલી રહ્યું છે. સનાથલનો ધ્રુવરાજસિંહ ચૌહાણ ૧૧ ઓગસ્ટે ભાવનગરથી તાલાલા તાલુકાના ચિત્રોડ નજીક આવેલા એક રિસોર્ટમાં ગયો હતો. બીજા દિવસે ૧૧ વાગ્યે જ્યારે ધ્રુવરાજસિંહ અને તેના બે મિત્રો કિયા કારમાં સોમનાથ જતા હતા ત્યારે આગળથી ફોર્ચ્યુનર અને પાછળથી ક્રેટા કાર ચાલકે ધ્રુવરાજસિંહ જે કારમાં હતો તેને ટક્કર મારી હતી. બાદમાં બંને કારમાંથી દેવાયત ખવડ સહિત ૧૨-૧૫ શખસો પાઈપ, ધોકા લઈને નીચે ઉતર્યા અને ધ્રુવરાજની કારમાં તોડફોડ કરી તેમજ તેને પણ ઢોર માર માર્યો.

ધ્રુવરાજસિંહે આરોપ લગાવ્યો છે કે, તે હતો ત્યારે કોઈ અન્ય શખસે તેને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરી ગીરમાં ન આવવા ચેતવણી આપી હતી. જોકે, આ ધમકીને તેણે ગંભીરતાથી લીધી ન હતી. વધુમાં ભોગ બનનાર યુવાને જણાવ્યું હતું કે, 'દેવાયત ખવડ અને તેના માણસોએ મારી રેકી કરી હતી. હું મારા મિત્રના રિસોર્ટમાં રોકાયો હતો ત્યાં પણ આવ્યા હતા. રિસોર્ટમાંથી મને શોધતા દેવાયત ખવડ અને તેના માણસો શોધતા હોવાનું જણાવવામાં આવ્યું હતું પરંતુ મે આ બાબતે ધ્યાન આપ્યું ન હતું.

**તંત્રી લેખ...**

# ઈક્વિટી ફંડોમાં થતા રોકાણમાં ૨૧ ટકાનો ઘટાડો

મ્યુચ્યુઅલ ફંડોમાં ઈક્વિટી ફંડોમાં ફરી રોકાણકારો નવા રોકાણમાં સાવચેત બન્યા છે. ઓગસ્ટ ૨૦૨૫ મહિનામાં ઈક્વિટી ફંડોમાં નેટ ધોરણે રોકાણ પ્રવાહ જુલાઈના રૂ.૪૨,૭૦૨.૩૫ કરોડની તુલનાએ ૨૧ ટકા ઘટીને રૂ.૩૩,૪૩૦ કરોડ નોંધાયો છે. જે જૂન ૨૦૨૫માં રૂ.૨૩,૫૮૭ કરોડ રહ્યો હતો.એસોસીયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડસ ઈન ઈન્ડિયા (એમ્ફી)ના આજે જાહેર થયેલા આંકડા મુજબ આ ઈક્વિટી ફંડોમાં નેટ ધોરણે રોકાણમાં ૨૧ ટકા ઘટાડો થયો છે. અલબત સતત૫૪માં મહિને ઈક્વિટી ફંડોમાં રોકાણ પ્રવાહ પોઝિટીવ રહ્યો છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગના વહીવટ હેઠળની એસેટ્સ એટલે કે એસેટ્સ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) જુલાઈના રૂ.૭૫.૩૫ લાખ કરોડની તુલનાએ નજીવી ઘટીને રૂ.૭૫.૧૮ લાખ કરોડ રહી છે.મ્યુચ્યુઅલ ફંડોમાં રોકાણમાં રિટેલ હિસ્સેદારી મજબૂત રહી કુલ મ્યુચ્યુઅલ ફંડ ફોલિયો જુલાઈના અંતના ૨૪.૫૭ કરોડની તુલનાએ ઓગસ્ટમાં ૨૪.૮૯ કરોડ રહ્યા છે. જે જૂનના અંતે ૨૪.૧૩ કરોડ રહ્યા હતા. ઓગસ્ટ ૨૦૨૫માં કુલ ૨૩ નવી મ્યુચ્યુઅલ ફંડ સ્કિમો રજૂ કરાઈ હતી. જે તમામ ઓપન એન્ડેડ અને તમામ કેટેગરીમાં મળીને રૂ.૨૮૫૯ કરોડનું ફંડ ઊભું કર્યું છે, જે જુલાઈ ૨૦૨૫માં ૩૦ નવી સ્કિમોમાં રૂ.૩૦,૪૧૬ કરોડનું ફંડ ઊભું કરાયું હતું.ઈક્વિટી ફંડો-સ્કિમોમાં રોકાણ પ્રવાહ ઓગસ્ટ ૨૦૨૫માં રૂ.૩૩,૪૩૦ કરોડ રહ્યો છે. જે જુલાઈ ૨૦૨૫માં રૂ.૪૨,૭૦૨ કરોડ રહ્યો હતો. તમામ કેટેગરીઝમાં ફ્લેક્સી-કેપ ફંડોમાં રૂ.૭૬૭૯ કરોડ ફંડ એકત્ર કરાયું છે. જ્યારે મિડ કેપ ફંડોમાં રૂ.૫૩૩૧ કરોડ અને સ્મોલ કેપ ફંડોમાં રૂ.૪૯૯૩ કરોડ એકત્ર કરાયા હતા. રિકવરીના ટ્રેન્ડમાં આગળ વધી લાર્જ કેપ ફંડોમાં રૂ.૨૮૩૫ કરોડનું રોકાણ થયુંજ છે. સેક્ટરલ/થીમેટિક ફંડોમાં જુલાઈના રૂ.૯૪૨૬ કરોડની તુલનાએ ઓગસ્ટમાં રૂ.૩૮૯૩ કરોડ થયું છે. ડેટ ફંડોમાં ઓગસ્ટ ૨૦૨૫માં રૂ.૭૯૮૦ કરોડની જાવક નોંધાઈ છે. જે જુલાઈમાં મજબૂત રૂ.૧.૦૬ લાખ કરોડનો પોઝિટીવ રોકાણ પ્રવાહ નોંધાયો હતો.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જન્મદિન નિમિત્તે, "સેવા પખવાડિયા" અંતર્ગત, બોટાદ જિલ્લા ભાજપ શિક્ષણ સેલ અને નરેન્દ્ર મોદી વિચાર મંચ સંયુક્ત ઉપક્રમે, આયુર્વેદિક અને હોમિયોપેથિક કેમ્પનું આયોજન કરવામાં આવેલ




ભારત દેશના લોકલાડીલા યશશ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મદિવસ ૧૭ મી સપ્ટેમ્બર છે,ત્યારે હાલ સેવા પખવાડિયા અતંર્ગત..નિયામક શ્રી આયુષ કચેરી, ગાંધીનગરના સહયોગથી તથા બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ પટેલ અને નરેન્દ્ર મોદી વિચાર મંચ પ્રદેશ અધ્યક્ષ હિતેશગીરી ગોસ્વામીના માર્ગદર્શનથી,બોટાદ જિલ્લા ભાજપ શિક્ષણ સેલ અને નરેન્દ્ર મોદી વિચાર મંચ સંયુક્ત ઉપક્રમે, આયુર્વેદિક અને હોમિયોપેથિક કેમ્પનું આયોજન કરવામાં આવેલ.જેમાં બોટાદ જિલ્લા ભાજપ શિક્ષણ સેલ સંયોજક અને નરેન્દ્ર મોદી વિચાર મંચના પ્રદેશ પ્રવક્તા શ્રી મયૂરધ્વજસિંહ ભાટી દ્વારા સેવા પખવાડિયા અંતર્ગત કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

જેમાં હોમિયોપેથીક વિભાગના નિષ્ણાત ડો.સંગીતાબેન દેસાઈ અને આયુર્વેદિક વિભાગના નિષ્ણાત ડો.રાજેશભાઈ મેર દ્વારા અનેક દર્દીઓને નિઃશુલ્ક સારવાર અને મફત દવા આપવામાં આવેલ.તેમાં અનેક જરૂરિયાતમંદ દર્દીઓએ ભાગ લીધો હતો.અને લાભાન્વિત લોકો દ્વારા ડૉક્ટર ટીમ તથા મયૂરધ્વજસિંહ ભાટી, ભૂપતભાઈ રાવલદેવ,ગોવિંદભાઈ રબારી, ભોથાભાઈ શેખલીયા, ઘનશ્યામભાઈ વગેરે મિત્રોનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરવામાં આવેલ

## શહેરમાં અલગ અલગ ચાર સ્થળોએ મુખ્ય માર્ગ પર ભૂવા પડતા વાહનચાલકો પરેશાન



શહેરમાં લોકોની અવરજવરથી સતત વ્યસ્ત રહેતા ચાર સ્થળોએ મુખ્ય માર્ગ ઉપર ભુવા પડવાની ઘટનાઓ ઘટી હતી.જો કે, સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી નથી. કોર્પોરેશન તાત્કાલિક ધોરણે ભૂવાઓનું સમારકામ કરે તેવી સ્થાનિકોની માંગ હતી.

શહેરના નિઝામપુરા રોડ પર ઈન્દ્રપ્રસ્થ કોમ્પ્લેક્સ પાસે મુખ્ય માર્ગ ઉપર પાંચ ફૂટ પહોળાઈ અને અઢી ફૂટ જેટલી ઊંડાઈ ધરાવતો ભૂવો પડ્યો હતો. આ સ્થળે થોડા દિવસ અગાઉ ખોદકામ કરાયું હોવાનું જાણવા મળ્યું છે. કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે આડાશ ઊભી કરી હતી. વહેલીતકે સમારકામની માંગ સાથે કોન્ટ્રાક્ટરની તકલાદી કામગીરીના કારણે શહેરમાં ઠેર ઠેર ભુવા પડી રહ્યા હોવાના આક્ષેપ સ્થાનિક કાઉન્સિલરએ કર્યા હતા. તથા સોમા તળાવથી પ્રતાપનગર તરફના મુખ્ય માર્ગ ઉપર ત્રણ ફૂટ પહોળો અને ચાર ફૂટ ઊંડાઈ ધરાવતો ભૂવો પડ્યો હતો. સ્થાનિકોએ સુરક્ષાના ભાગરૂપે આડાશ મૂકી હતી. તેમજ કલાદર્શન ચાર રસ્તાથી ઉમા ચાર રસ્તા તરફના માર્ગ ઉપર રંગ વિદ્યાલય નજીક માર્ગની વચ્ચોવચ ભૂવો પડ્યો હતો. જેથી સ્થાનિકોએ સુરક્ષાના ભાગરૂપે આડાશ મૂકી હતી. જ્યારે ચકલી સર્કલથી નટુભાઈ સર્કલ તરફના માર્ગ ઉપર ત્રણ ફૂટ પહોળો અને ત્રણ ફૂટ ઊંડાઈ ધરાવતો ભુવો પડ્યો હતો. કોર્પોરેશનએ સાવચેતીના ભાગરૂપે બેરીકેડિંગ કર્યું હતું.

# ગાંધીનગર નિફ્ટી ખાતે અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ શ્રી જયેંતિ રવિની અધ્યક્ષતામાં દીક્ષાંત સમારોહ યોજાયો









ગાંધીનગર નિફ્ટ ખાતે અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગ શ્રી જયેંતિ રવિની અધ્યક્ષતામાં ડિગ્રી અને એવોર્ડ વિતરણ સમારોહ યોજાયો હતો.જેમાં ફેશન ડિઝાઈન, ફેશન કોમ્યુનિકેશન, ટેક્સટાઈલ ડિઝાઈન, એક્સેસરી ડિઝાઈન, ફેશન મેનેજમેન્ટ અને ફેશન ટેકનોલોજી અને માસ્ટર ઓફ ડિઝાઈનના કુલ ૨૪૧ વિદ્યાર્થીઓએ સ્નાતક થતાં ,કુલ ૧૭૩ વિદ્યાર્થીઓને તેમની સ્નાતકની ડિગ્રી અને ૬૮ વિદ્યાર્થીઓને તેમની માસ્ટર ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

એ.સી.એસશ્રી ડૉ. જયંતિ એસ. રવિએ નિફ્ટ ગાંધીનગરના દીક્ષાંત સમારોહ અંતર્ગત પ્રાસંગિક કરતાં જણાવ્યું હતું કે,આ સમારોહ એક અંત નથી પણ નવા અધ્યાયની શરૂઆત છે. જ્યાં વિદ્યાર્થીઓની કુશળતા અને દ્રષ્ટિ તેમના જીવન, સમાજ, સંસ્કૃતિ અને રાષ્ટ્રને આકાર આપશે. તેમણે માતાપિતા અને ફેકલ્ટીના સભ્યોને અભિનંદન આપતા ઉમેર્યું હતું કે,આજે ગર્વ સાથે પદવી મેળવી રહેલા સ્નાતકોને ઉછેરવા અને માર્ગદર્શન આપવા બદલ આપ પણ અભિનંદનને પાત્ર છો.

તેમણે થોડા સમય પહેલા લીધેલ ગ્રેજ્યુએશન પ્રદર્શનોની મુલાકાત અંગેની યાદ સાથે ઉમેર્યું હતું કે, આ પ્રદર્શનમાં તેમણે વિદ્યાર્થીઓના કાર્ય પાછળની સર્જનાત્મકતા અને વાર્તાઓથી ખૂબ પ્રભાવિત થય હતા.જેમાં આદિવાસી પરંપરાઓથી પ્રેરિત ઘરેણાંથી લઈને મુંબઈની ટ્રેનો પર આધારિત બાટિક ડિઝાઈનનો પણ તેમણે ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, આ વાર્તાઓ અને અનુભવો ખરેખર જીવનને ટકાવી રાખે છે અને સમૃદ્ધ બનાવે છે.

વધુમાં તેમણે ગુરબાની, ગુરુ ગોવિંદ સિંહજી અને ઉપનિષદોના ઉદાહરણ દ્વારા જણાવ્યુઅં હતું કે, દરેકે સત્ય, ધર્મ, જિજ્ઞાસા અને જીવનભર કંઈક નવું શીખવા તત્પર રહેવું જોઈએડૉ. રવિએ કહ્યું કે વાસ્તવિક સંપત્તિ ભૌતિક સફળતા, સર્વાંગી વિકાસ, સહાનુભૂતિ અને કૃતજ્ઞતામાં રહેલી છે.

ઉપરાંત તેમણે ભારત દર્શન દરમિયાન ટ્રેનની મુસાફરીથી લઈને સ્વચ્છ ભારત સાથેના તેમના કાર્ય સુધીના અંગત અનુભવો શેર કર્યા, જેમાં ભાર મૂક્યો કે દરેક પરિસ્થિતિમાં - સૌથી અણધારી જગ્યાએ પણ - કેવી રીતે પાઠ મળી શકે છે. જિજ્ઞાસા અને શ્રેષ્ઠતા ક્યારેય ગુમાવવી જોઈએ નહીં, અને શિક્ષણે સર્જનાત્મકતાને બળ આપવું જોઈએ, મારી નાખવી જોઈએ નહીં.આ સાથે પ્રમાણિકતા પણ એટલી જ મહત્વપૂર્ણ છે.તેમ પણ ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે,ઓરોવિલે ખાતેના તેમના કાર્ય વિશે વાત કરી, સ્વામી વિવેકાનંદના ઇ-છ-સ્-છ સિદ્ધાંત પર પણ તેમણે પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે,કેવી રીતે યથાસ્થિતિ પર પ્રશ્ન ઉઠાવવાથી અસ્વીકાર, ગુસ્સો, નરમાઈ અને સ્વીકૃતિ થાય છે.સફળતા ફક્ત પગાર કે પુરસ્કારોમાં જ નથી મપાતી પરંતુ વ્યક્તિ જે હેતુથી યોગદાન આપે છે, તેનાથી મપાય છે. તેમણે વિદ્યાર્થીઓને ગ્રાહક બનવાથી યોગદાન આપનારા બનવા અને હિંમત, કરુણા અને સર્જનાત્મકતા સાથે પોતાની કારકિર્દીને કાપડની જેમ ગૂંથવા વિનંતી કરી. ભારત સ્વતંત્રતાના ૧૦૦મા વર્ષ તરફ આગળ વધી રહ્યું છે , ડિઝાઈન ફક્ત જીવનને શણગારવાજ નહી પરંતુ જીવનમાં પરિવર્તન લાવવા પણ ઉપયોગી બને, ફક્ત બાહ્ય ચમક જ નહી પરંતુ આંતરિક ચમક પણ ફેલાવે તેવી શુભેચ્છા પાઠવી હતી.

અતિથિ વિશેષ શ્રી અનૂપ નૌટિયાલે સ્નાતક વિદ્યાર્થીઓને સંબોધન કરતાં નિફ્ટ દિલ્હીના પ્રથમ બેચના ભાગ રૂપે તેમની સફર અને ઉત્તરાખંડમાં કાપડ ઉદ્યોગમાં બે દાયકા અને બાદમાં સામાજિક અને પર્યાવરણીય મુદ્દાઓ પરના તેમના ૩૫ વર્ષના વ્યાવસાયિક અનુભવને યાદ કરતાં ,નિફ્ટ ને તેમની કારકિર્દીને આકાર આપવા માટે શ્રેય આપતા તેમના અનુભવો વર્ણવ્યા હતા. આ સાથે જ ત્રણ મુખ્ય વાત જેમાં ક્યારેય ખરાબ બોસ ન બનો, હંમેશા ×જેમ તમે બોલો છો તેમ ચાલો× અને આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે પોતાનું યોગદાન આપો તેમ જણાવ્યું હતું. સાથે જ તેમણે વિદ્યાર્થીઓને તેમની યાત્રા શરૂ કરતી વખતે ધીરજ, પાયા પર અને સામાજિક રીતે સભાન રહેવા પણ અનુરોધ કર્યો હતો.

આ અવસરે શાબ્દિક સ્વાગત કરતા કેમ્પસ ડિરેક્ટર, નિફ્ટ ડૉ. સમીર સૂદે જણાવ્યું હતું કે, ભારત એક એવુ રાષ્ટ્ર છે જે ગર્વથી વિશ્વગુરુ બનવા તરફ અગ્રેસર છે. ભારત ચોથું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે, અને ટૂંક સમયમાં ત્રીજું સ્થાન પણ મેળવી લેશે.


તેમણે આ યાત્રામાં કાપડ અને ફેશન ક્ષેત્રની ભૂમિકા પર પ્રકાશ પાડતા ઉમેર્યું હતું કે, ૩ લાખ કરોડની નિકાસ સાથે, પ્રધાનમંત્રીએ ૨૦૩૦ સુધીમાં ૯ લાખ કરોડનું લક્ષ્ય રાખ્યું છે,આ હાંસલ કરવાથી ઉદ્યોગનો વ્યાપ ત્રણ ગણો થશે, વિશાળ તકોનું સર્જન થશે. કાપડ, ભારતનો બીજો સૌથી મોટો રોજગારદાતા હોવાથી, રાષ્ટ્ર નિર્માણમાં મોટી જવાબદારી નિભાવે છે. ભારત એક સમયે વિશ્વના કાપડ વેપારના ૪૦% પર નિયંત્રણ રાખતું હતું પરંતુ હવે તે ઘટીને માત્ર ૪% થઈ ગયું છે. આ ખોવાયેલી ગૌરવને પુનઃસ્થાપિત કરવાની અને ભારતને ફરીથી વિશ્વનું કાપડ પાવરહાઉસ બનાવવા તેમણે કહ્યું હતું કે, આ માટે સખત મહેનત, શિસ્ત,સ્થિતિસ્થાપકતા અને શૂન્ય વિલંબની જરૂર પડશે.જેના માં વિલંબ કર્યા વિના તકોનો લાભ લેવા અને સફળ થાય ત્યાં સુધી ક્યારેય ન અટકવા અનુરોધ પણ કર્યો હતો. આ અંગે વિધાર્થીઓને ઉલ્લેખી તેમણે ઉમેર્યું હતું કે, તમારી વ્યક્તિગત સિદ્ધિઓ પણ સમાજ અને રાષ્ટ્રની સફળતામાં ફાળો આપશે.

તેમણે પ્રધાનમંત્રીના મંત્ર ×દામ કામ, દમ જયાદા× - ખર્ચ ઘટાડો અને મૂલ્ય વધારો - નો પણ આ તકે ઉલ્લેખ કરી વિદ્યાર્થીઓને આ મિશનને સ્વીકારવા અને ઉદ્યોગમાં આગળ ધપાવવા પ્રોત્સાહિત કર્યા હતાં.આ દીક્ષાંત સમારોહ પછી ટેક્સટાઈલ ડિઝાઈનના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ ટેક્સટાઈલ અને ક્રાફ્ટ ડિઝાઈન પ્રોજેક્ટ્સ પર એક પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનનું ઉદ્ઘાટન પણ ડૉ જયંતિ એસ. રવિ, અધિક મુખ્ય સચિવ, મહેસૂલ વિભાગના હસ્તે કરવામાં આવ્યું હતું.આ સાથે નૂપુર આનંદ, ડીન (શૈક્ષણિક); સિંજુ મનાજન, નિફ્ટ દિલ્હી, વડા (છછ), વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીના સભ્યો તથા વાલિશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે "નમો યુવા રન" અંતર્ગત કાર્યક્રમ અંગે પ્રેસ કોન્ફરન્સ રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી,યુવા મોરચાના પ્રમુખશ્રી ડો.પ્રશાંત કોરાટ,પુર્વ ક્રિકેટરશ્રી પાર્થિવ પટેલની ઉપસ્થિતમા યોજાઈ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આદરણીય વડાપ્રઘાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ૧૭ સપ્ટેમ્બરના રોજ ૭૫મો જન્મદિવસ ઉજવાશે. વડાપ્રધાનશ્રીના જન્મદિવસથી લઇ ૨ ઓક્ટોબર એમ ૧૫ દિવસ સુધી સેવા પખવાડીયા અંતર્ગત વિવિધ સેવાકીય કાર્યોનુ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ થકી ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા દેશભરમા નમો યુવા રન નું આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગુજરાતમા પ્રદેશ પ્રમુખ તેમજ કેન્દ્રિય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજીના નેતૃત્વમાં નમો યુવા રનનું આયોજન કરવામાં આવશે.

સમગ્ર દેશ ભરમાં ૧૦૦ સ્થાન પર નમો યુવા રનનું આયોજન કરવામાં આવશે અને ગુજરાતમાં ૧૦ સ્થાન જેમા ૮ મહાનગર અને ૨ જિલ્લામાં મિનિ મેરેથોન દોડનું આયોજન કરવામાં આવશે. નમો યુવા મેરેથોન દોડ નશા મુક્ત ભારત માટે, આત્મનિર્ભર ભારત અને વિકસીત ભારતના સંકલ્પ માટે યોજવામા આવી છે. આ અંગે પ્રદેશ કાર્યાલય ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી જેમારાજયના રમતગમત મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અને




ભારતીય ક્રિકેટ ટીમના પુર્વ ક્રિકેટરશ્રી પાર્થિવ પટેલ, પ્રદેશ યુવા મોરચાના મહામંત્રીશ્રી ડો.નરેશભાઇ દેસાઇ, પ્રદેશ યુવા મોરચાના મીડિયા કન્વીનરશ્રી લીલાધર ખડકે તેમજઇન્ચાર્જશ્રી કૃતિક ભટ્ટ, સ્પોર્ટસ યુનિવર્સિટીના પુર્વ વાઇસ ચાન્સેલર અર્જૂનસિંહ ઉપસ્થિત રહ્યા હતા. નમો યુવા મેરેથોન દોડના કાર્યક્રમમાં શ્રી પાર્થિવ પટેલને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કાર્યક્રમમાં નમો યુવા દોડની અંતર્ગત ટી-શર્ટનુ પણ અનાવરણ કર્યુ હતું.

પત્રકાર પરિષદને સંબોધતા ડો.પ્રશાંત કોરાટે જણાવ્યું હતું, ગુજરાતમાં દસ સ્થાનો પર નમો યુવા દોડ નું આયોજન કરવામાં આવ્યું છે જેમા ૮ મહાનગર અને આણંદ અને વલસાડ બે જિલ્લામાં મિનિ મેરેથોન દોડ યોજવામાં આવશે. રાજયમા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીજીના નેતૃત્વમા ઝીરો ટોલરન્સ નાર્કોટીક્સ સામે દેશની અને રાજયની પોલીસ સતત કામગીરી કરી રહી છે ત્યારે યુવાનોએ પણ નાર્કોટેરેરિસમ સામે યુવાનોની પણ મહત્વની ભાગીદારી નીભાવે. નમો યુવા મેરેથોન દોડમા દસ હજાર યુવાનો ભાગ લેશે. આખા દેશમા ૨૧ તારીખે ૭૫ સ્થાનો પર એક સાથે નમો યુવા દોડનું આયોજન થશે. શ્રી પાર્થિવ પટેલે સંબોધન કરતા જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના જન્મદિવસ અંતર્ગત નમો યુવો દોડના ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે પસદગી કરવા બદલ હર્ષભાઇ સંઘવી તેમજ પ્રદેશ નેતૃત્વનો આભાર વ્યકત કરુ છું. યુવાનો નશા મુક્તિ અને ફિટનેસ અંગે જાગૃત થાય તે ખૂબ જરૂરી છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NOGSS NO : 161

વિષય : શ્રાધ્ધ પક્ષ
શિર્ષક : શ્રધ્ધા સુમન
પ્રકાર : લેખ શબ્દો : ૧૬૫

પિતૃઓને આપણે સાચી શ્રધ્ધાથી સુમન અર્પણ કરીએ એ જ સાચું શ્રાધ્ધ. પાવન અંતરથી તેમને યાદ કરવા એ જ સાચું શ્રાધ્ધ. સૃષ્ટિનામાં શ્રાદ્ધની શરુઆત આપણા દેવ એવા બ્રહ્માજીએ જ કરી હતી. સૃષ્ટિ લોકમાં શ્રાદ્ધની વિધિ વિધાન પણ બ્રહ્માજીએ જ પ્રસ્થાપિત કર્યા હતા. મૃત્યુલોકમાં સૌથી પહેલું શ્રાધ્ધ નીમી રાજાએ કર્યું હતું કંઈ જરૂર મિથિલા નગરીમાં સર્વપ્રથમ નરેશ હતાં.
પુરાણોમાં જણાવ્યા અનુસાર કાગડાનુ આયુષ્ય ૨૦૦ વર્ષ નું હોય છે એટલે એવું કહી શકાય કારણ આપણા પૂર્વજોને એણે જોયાં હશે. એવું પણ માનવામાં આવે છે કે ભાદરવા માસમાં કાગડી ગર્ભવતી થાય છે જેથી એને પૂરતું અન્ન પ્રદાન કરી શકવાના હેતુ થી કાગવાસ નખાય છે. વટવૃક્ષ અને પીપળો પણ કાગડાની ચરકમાથી ઉત્પન્ન થાય છે તેથી તેની પણ આપણે પૂર્વજ માનીને પૂજા કરીએ છીએ. ભાદરવા માસમાં કૃષ્ણપક્ષથી આરંભીને શરદપૂનમ સુધી આપણે ત્યાં દૂધપાક નું સેવન કરવાનો રિવાજ છે જેથી આ સમય દરમિયાન થતાં પિત્તપ્રકોપનો નાશ થાય છે. આમ, ધર્મ- કર્મ ને જોડીને શ્રાધ્ધ પક્ષ એ આપણે કરેલી સુંદર સમાજવ્યવસ્થા છે. જેને સ્વીકારી અને આવકારીએ! અસ્તુ.
◦ગ્રીષ્મા પંડ્યા ◦◦

### NOG SS NO 390

વિષય :- શ્રાદ્ધ
શીર્ષક :-બ્રહ્મ ભોજન
પ્રકાર :-ગધ્ય
શબ્દ સંખ્યા :- ૩૨૨

શ્રાદ્ધમાં બ્રહ્મ ભોજન
પિતૃઓના ઋણમાંથી મુક્ત થવાનો પવિત્ર માર્ગ

હિંદુ ધર્મમાં, પિતૃઓ અર્થાત પૂર્વજોને ખૂબ જ મહત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત છે. તેમના પ્રત્યેનું આપણું ઋણ, 'પિતૃ ઋણ' તરીકે ઓળખાય છે.

'બ્રહ્મ' શબ્દનો અર્થ જ્ઞાન, પરમાત્મા અથવા વેદોના જ્ઞાતા એવા બ્રાહ્મણમાંથી થાય છે. 'બ્રહ્મ ભોજન' એટલે બ્રાહ્મણોને ભોજન કરાવવું. શાસ્ત્રો મુજબ, બ્રાહ્મણોમાં સર્વ બ્રહ્મનો વાસ ગણવામાં આવે છે. જ્યારે આપણે ભક્તિભાવથી અને સદભાવનાથી એક કે વધુ બ્રાહ્મણોને ભોજન કરાવીએ છીએ, ત્યારે તે ભોજન સીધું જ આપણા પિતૃઓને પ્રાપ્ત થાય છે એવી માન્યતા છે. બ્રાહ્મણ એ આપણા અને પિતૃલોક વચ્ચેના દૂત તરીકે કાર્ય કરે છે.
માન્યતા છે કે પિતૃઓ ભૌતિક રૂપમાં ભોજન ગ્રહણ કરી શકતા નથી. તેઓ બ્રાહ્મણોના ભોજનથી ઉત્પન્ન થયેલી ઊર્જા અને તૃપ્તિથી જ તૃપ્ત થાય છે. બ્રાહ્મણને કરાવેલું ભોજન સીધું જ પિતૃલોકમાં પહોંચે છે અને તેમની આત્માને શાંતિ મળે છે. હિંદુ ધર્મમાં ત્રણ ઋણ - દેવ ઋણ, ઋષિ ઋણ અને પિતૃ ઋણમાંથી મુક્ત થવું ફરજિયાત ગણવામાં આવે છે. શ્રાદ્ધ કર્મ અને બ્રાહ્મ ભોજન કરાવવાથી વ્યક્તિ પોતાના પિતૃ ઋણમાંથી મુક્ત થાય છે. શાસ્ત્રોમાં કહેવાયું છે કે જ્યારે પિતૃઓ તૃપ્ત અને પ્રસન્ન હોય છે, ત્યારે તેઓ કુટુંબ પર સતત આશીર્વાદની વૃષ્ટિ કરે છે. આથી ઘરમાં સુખ, સમૃદ્ધિ અને શાંતિ બની રહે છે. અતૃપ્ત પિતૃઓ કુટુંબમાં અડચણો અને અશાંતિનું કારણ બની શકે છે એવી પણ માન્યતા છે.
બ્રહ્મ ભોજન કરાવવાની પ્રક્રિયા ઘણી જ શ્રદ્ધાપૂર્વક અને વિધિવત કરવામાં આવે છે. સદાચારી, વેદ-પુરાણોનું જ્ઞાન ધરાવતા અને સાત્વિક જીવન જીવનારા બ્રાહ્મણોને આમંત્રિત કરવામાં આવે છે. બ્રાહ્મણોને પવિત્ર આસન પર બેસાડવામાં આવે છે. તેમના પગ ધોવાઈ છે અને તેમનું પૂજન કરવામાં આવે છે. તેમને સ્વાદિષ્ટ, સાત્વિક અને તાજું બનાવેલું ભોજન પીરસવામાં આવે છે.ભોજન પછી, બ્રાહ્મણોનો આભાર માનતા, શક્તિ અનુસાર દક્ષિણા (ભેટ) આપવામાં આવે છે. આ દક્ષિણા બ્રાહ્મણોના આશીર્વાદ મેળવવા માટે મહત્વપૂર્ણ છે. બ્રાહ્મણો આપણા પિતૃઓના નામે તર્પણ અને જળ આદિ કર્યા પછી કુટુંબને સુખ, સમૃદ્ધિ અને શાંતિ માટે આશીર્વાદ આપે છે.
બ્રહ્મ ભોજન કરાવવું એ માત્ર એક રીતરિવાજ અથવા ભોજનની વ્યવસ્થા જ નથી, પરંતુ તે એક ગહન આધ્યાત્મિક સાધન છે. તે આપણા અને આપણા પૂર્વજો વચ્ચેનો એક પવિત્ર સંબંધ છે.
ઉર્વી ભટ્ટ

### NG: NOG NO 391

વિષય શ્રાધ્ધ પક્ષ
શિર્ષક કાગવાસ
પ્રકાર પદ્ય
શબ્દો ૭૦

પિતૃની પ્રાર્થના કરું માતૃની આરાધના કરું,
પ્રસાદ ચડાવું હું કાગવાસ કરું

પ્રેમ થી નાના નાના ભૂલકાઓ જમાડું,
મંદિરે જાઉં ને ભિક્ષુકોને ભોજન જમાડું.

સોળ શ્રાધ્ધ હું ભક્તિ મય વિતાવું,
સ્વર્ગીય સુખ માટે હું ભજન કરાવું.

બ્રહ્મ ભોજન કરાવી પ્રાર્થના કરાવું,
માતૃ પિતૃની આત્માની શાંતિ માટે હવન કરાવું.

સોળ શ્રાદ્ધના દિવસોમાં થોડું પૂણ્ય કરું,
નાગાને કપડાં ભૂખ્યાને જમાડું.

પરવેઝ વડનગરી

### NG: NOG SS No : 402

વિષય : શ્રાદ્ધ પક્ષ
શીર્ષક : સાચું શ્રાદ્ધ
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૪૫

પિતૃપક્ષનું પખવાડિયું ચાલી રહ્યું છે.દરેક ઘરમાં હાલ પિતૃઓના મોક્ષ માટે તર્પણની ક્રિયા ભાવથી ચાલી રહી છે.ખીર અને પૂરીની વાનગી કાગવાસના માધ્યમથી પોતાના વડવાઓને પહોચાડયાનો સંતોષ સંતાનો અનુભવી રહ્યા છે.ખુબ સારી વાત છે કે આપણા વૈદિક અને સનાતન ધર્મમાં મૃત્યુ પછી પણ પિતૃઓને પાણી અને ભોજન પહોચાડવાની પરંપરા છે.અન્ય બીજા કોઈ ધર્મમાં આવી પરંપરા નથી.સનાતન ધર્મ પુનર્જન્મની પરંપરામાં માને છે.આપણે આપણા પિતૃઓને યાદ કરીને તેમની મૃત્યુતિથી મુજબ શ્રદ્ધાથી શ્રાદ્ધ અર્પણ કરીએ તેમને પાણી પીવડાવીએ તે ખુબ જ સારી અને પારંપારિક બાબત છે અને તે આવકાર્ય પણ છે.પણ આ ક્રિયા ફક્ત મૃત્યુ પછી જ કેમ?શું આપણે આપણા માતા-પિતા કે આપણા વડીલો આપણી પાસે હયાત હોય તો શું તેમના જીવતાજીવ તેમને પ્રેમથી પાણી ન પીવડાવી શકીએ?શું તેમની સાથે બેસીને ભોજન ન કરી શકીએ?આપણી પાસે જયારે વડીલો રૂપી મોઘી મૂડી હોય છે ત્યારે આપણે તેનું મૂલ્ય સમજી શકતા નથી.આપણી એ થાપણને આપણે સારી રીતે સાચવી પણ શકતા નથી.આજની ભાગદોડ ભરી જીંદગીમાં કોઈને કોઈ માટે સમય નથી એ સમજી શકાય છે પણ એ આંધળી દોટ ક્યાં સુધી?આખરે આ બધી ભાગ-દોડ વ્યક્તિ કોના માટે કરે છે.વૃદ્ધ માં-બાપ દીકરાની રાહ જોતા જોતા પોતાનો અંતિમ સમય વ્યતિત કરે છે.દીકરા પાસે જો વૃદ્ધ માં-બાપ પાણી માંગે તો પોતે વ્યસ્ત હોવાનો ડોળ કરી તેમની અવગણના કરનારા સંતાનો આજે ઓછા નથી.સુખ સઘવડની લ્હાયમાં આપણે પારિવારિક કર્તવ્યો વિસરી રહ્યા છીએ.માતા-પિતાની હયાતીમાં જ તેમની સેવા કરવી એ દરેક સંતાનનું પ્રથમ કર્તવ્ય છે.નવરાશની પળોમાં તેમની સાથે બેસીને વાતચીત કરવાથી તેમની ખુશીઓમાં આપણે શું અનેક ઘણો વધારો ન કરી શકીએ?
આ દેશમાંથી જયારે ઘરડાંઘર અને વૃદ્ધાશ્રમોને તાળા વાગશે ત્યારેજ સાચું શ્રાદ્ધ થયું કહેવાશે.માતા-પિતાની હયાતીમાં જ તેમને સાચો સંતોષ મળશે તો જીવતા જ તેમને મોક્ષની અનુભૂતિ થશે.માતા-પિતા ચહેરા પરની કરચલીથી વૃદ્ધ થતા નથી પણ પોતાના જ સંતાનોનો લાગણીઓ વિહીન વ્યવહાર અને પોતાના જ ઘરમાં પોતાના જ સંતાનોથી થતી અવગણનાને કારણે માં-બાપ વૃદ્ધ અને લાચાર થઈ જાય છે જે આજના સમયની હકીકત છે.પિતૃઓને પાણી અને શ્રાદ્ધ અર્પણ કરવાથી મોક્ષ મળે છે કે નહિ એની તો ખબર નથી પણ જીવતા જીવ માં-બાપને નરકની અનુભૂતિ કરાવનારા સંતાનો નજરે જોયા પણ છે અને તે સત્ય પણ છે.જીવતે જીવ વૃદ્ધ માં-બાપને સંતાનો તરફથી મળેલો સંતોષ અને સેવા જ આજના સમયનું સાચું શ્રાદ્ધ છે.
શૈલેષ ભોઈ "વૈરાગી"
કોઠંબા(લુણાવાડા)

### NG: NOGSSNO: 352

વિષય :- શ્રાદ્ધ
શીર્ષકઃ- શ્રાદ્ધ અને શ્રદ્ધા
શબ્દ સંખ્યાઃ- ૨૫૨
પ્રકારઃ- લેખ

શ્રાદ્ધ અને શ્રદ્ધા.

શ્રાદ્ધ એ હિન્દુ સંસ્કૃતિમાં એક મહત્વપૂર્ણ વિધિ છે જે મૃત પૂર્વજોની આત્માની શાંતિ અને પૂર્ણતા માટે કરવામાં આવે છે. આ વિધિ માત્ર મૃત પૂર્વજોના આત્માને શાંતિ પ્રદાન કરતી નથી, પરંતુ તે જીવંત લોકોને તેમના પૂર્વજો પ્રત્યે શ્રદ્ધા અને આદર વ્યક્ત કરવાની તક પણ પૂરી પાડે છે.

શ્રાદ્ધ દરમિયાન, લોકો તેમના પૂર્વજોની યાદમાં વિવિધ ધાર્મિક વિધિઓ કરે છે અને તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે. આ એક મહત્વપૂર્ણ પ્રસંગ છે જ્યારે લોકો તેમના પૂર્વજો પ્રત્યે શ્રદ્ધા અને આદર વ્યક્ત કરે છે અને તેમના પરિવારની પરંપરા અને સંસ્કૃતિ જાળવી રાખવાનો પ્રયાસ કરે છે.

આપણા પૂર્વજો પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરવાની ક્રિયાને "શ્રાદ્ધ" કહેવામાં આવે છે. આપણા પૂર્વજો તેમના માતાપિતા, વડીલો અથવા પરિવારના સભ્યો પ્રત્યે એટલી બધી શ્રદ્ધા રાખતા હતા કે તેમના મૃત્યુ પછી પણ તેઓ તેમની યાદમાં યોગ્ય દાન, સત્કર્મો કરતા હતા. આપણા પૂર્વજો પ્રત્યેની આ શ્રદ્ધાંજલિ સમય જતાં "શ્રાદ્ધ" તરીકે ઉજવવામાં આવી.

વર્તમાન સંજોગોમાં, એ વાત પર પણ ખાસ ધ્યાન
આભાર - નિહારીકા રવિયા આપવું જોઈએ કે આપણી શ્રદ્ધા આપણા મૃત માતાપિતા પ્રત્યે હોવી જોઈએ, પરંતુ તેનાથી પણ વધુ મહત્વનું એ છે કે આપણે આપણા જીવંત માતાપિતા પ્રત્યે પણ શ્રદ્ધા રાખવી જોઈએ. ફક્ત તે જ શ્રદ્ધા ફળદાયી છે જે જીવંત માતાપિતા પ્રત્યે હોય છે, નહીં તો તેમના મૃત્યુ પછી કરવામાં આવતી શ્રદ્ધા એક આત્મ-છેતરપિંડી સિવાય કંઈ નહીં હોય.

જેને જીવંત માતાપિતા પ્રત્યે શ્રદ્ધા હોય છે, તે જ મૃત માતાપિતા માટે "શ્રાદ્ધ" કરવાનો સાચો માલિક બને છે. શ્રાદ્ધના આ દિવસોમાં, આપણે ફક્ત આપણા પૂર્વજોને યાદ કરવા જ નહીં, પણ જીવનભર આપણા માતા-પિતા અને ઘરના વડીલોની સેવા અને આદર પણ કરવો જોઈએ.
શોભના ભટ્ટ

### NG: NOGSSNO: 384.

વિષય :- શ્રાદ્ધ.
શીર્ષકઃ- પુનર્જન્મની મધ્યસ્થિતિ શ્રાદ્ધ.
શબ્દ સંખ્યાઃ- ૧૩૫.
પ્રકારઃ-પદ્ય

પિતૃઓને યાદ કરીને સમર્પિત કરે સૌ શ્રાદ્ધ
માનવ સ્વાભાવને શૂન્યતાની કરાવે યાદ .
માનવ દેહને મોહ નો ત્યાગ કરાવે એ સાચું તર્પણ.
નથી કરી શકાતું માલ મિલકત એ જીવ ને અર્પણ .
આ રૂઢિ સદા કાળથી ચાલે છે જીવ ને જીવ થી યાદ કરવાની .
જીવતે જીવ જે કરે મા બાપની સેવા એ સાચું તર્પણ.
મૃત્ય નિશ્ચિત છે તે સૌ જાણે છે! છતાં ભૂલી કેમ જવાય છે!.
દંત કથાઓ અને માન્યતા ચાલી આવે યુગે યુગે તેમ મનાય છે.
પિતૃ નારાજ છે તેવું કહી છૂટી ન જવાય !.
જીવતે જીવ કુંઢાય ઘરડા ઘરમાં જઈને પછી શ્રાદ્ધ શું? કામનું.
સાચી સેવા પુત્ર-વહુ આપે માત પિતાને તે જ તર્પણ .
મુક્તિ,સમર્પણ અને શાંતિ તથા અર્પણનો ભાવ તે શ્રાદ્ધ .
પિતૃ તૃપ્તિ આશીર્વાદ મેળવવાની ભાવના તેમની હયાતીની નિશાની છે.
કુળ પરંપરા અને મૃત્યુ તથા પુનર્જન્મની મધ્યસ્થિતિ એટલે શ્રાદ્ધ .
-ડો સતિષ એસ. પટેલ " પ્રકૃતિ રક્ષક " અમદાવાદ .

### NG: NOG SS NO.3 no43

વિષય :શ્રાદ્ધ
શીર્ષક :- શ્રાદ્ધથી સમર્પણ
પ્રકાર;- પધ શબ્દો;- ૬૫

સંતાનો પરિવારનું ઘડતર કરતાં માબાપ વડીલોને આવે છેલ્લે ઘડપણ,જીવન પંથમાં સુખ દુઃખ ચડતર પડતર વચ્ચે આવે આખરે મરણ,પતૃઓનું પરિવારજનો જુના દિવસોનું કરે મનોમન સ્મરણ, પિતૃઓને સ્વજનો આંખોમાં કંડારી જૂની યાદોનું બનાવે દર્પણ,
દિવ્યાત્માઓનું ભાદરવા માસમાં સંતાનો કરે શ્રાધ્ધથી સ્નેહનું સમર્પણ,શ્રાદ્ધમાં પરિવારજનો પિતૃઓને શ્રદ્ધા આસ્થાથી કરે અંતરથી અર્પણ,
' ચંદ્ર ' સૂર્યની જેમ પ્રકાશિત પૂર્વજોને સ્વજનો કરે શ્રાધ્ધથી સાચું તર્પણ.

' ચંદ્ર ' ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

### N. O. G. S. S. No.0102.

વિષય :- શ્રાદ્ધ પક્ષ.
પ્રકાર :-ગદ્ય લેખ. શબ્દ સંખ્યાઃ-૨૭૫.

દર વર્ષે ભાદરવા વદમાં શ્રાદ્ધ પક્ષ આવે છે. આ વખતે તારીખ ૭/૯/૨૦૨૫ રવિવારથી તારીખ ૨૧/૯/૨૦૨૫ રવિવાર સુધી શ્રાદ્ધપક્ષ ચાલુ થઈ ચૂક્યા છે.
?. ? માનવી જન્મતાની સાથે જ દેવ, ગુરુ અને પિતૃનું ઋણ લઈને આવે છે અને આ ઋણ તેને ચૂકવવાનું હોય છે. શ્રાદ્ધ પક્ષમાં પિતૃરૂણ ચુકવણી કરવામાં આવે છે.
??. શ્રાદ્ધ એટલે શ્રદ્ધાથી કરવામાં આવતું કાર્ય. પિતૃઓના થકી જ આપણું અસ્તિત્વ છે અને તેના ઉપકારોને યાદ કરવા માટે તેઓની મોક્ષ ગતિ પ્રાપ્ત થાય છે. આપણે પિતૃની જે તિથિ આવતી હોય તે દિવસે તેનું શ્રાદ્ધ કરીએ છીએ.
આ શ્રાદ્ધ પ્રથાની શરૂઆત ભગવાન વિષ્ણુ દ્વારા કરવામાં આવી હતી.
? શ્રાદ્ધના દિવસે પિતૃ જે તિથિમાં મૃત્યુ પામ્યા હોય તે તિથિએ તેનું શ્રાદ્ધ કરવામાં આવે છે. આ શ્રાદ્ધ પક્ષ દરમિયાન તર્પણ કરવામાં આવે છે, અને બ્રહ્મભોજન કરાવવામાં આવે છે. ગૌ ગ્રાસ, શ્વાનભાગ,અને કાગવાસ પણ નાખવામાં આવે છે.
?. શ્રાદ્ધના દિવસે બ્રહ્મભોજન કરવામાં આવે છે સ્ત્રી અને બાળકો હોય તો એ પ્રકારે ભોજન કરવામાં આવે છે. શ્રાદ્ધ ભોજનમાં મોટેભાગે દૂધ અને તેનાથી બનતી વાનગીઓ બનાવવામાં આવે છે. દૂધપાક, બાસુંદી, ખીર, ગુલાબજાંબુ, બરફી , લાડવા વગેરેનું ખાસ મહત્વ છે. જુદા જુદા પ્રકારના ફરસાણ ,શાકભાજી , પૂરી, દાળ ,ભાત, ચટણી, અથાણા, મૂળા વગેરેનું પણ ભોજનમાં હોય છે. બ્રહ્મ ભોજન કરાવ્યા બાદ બ્રાહ્મણને યોગ્ય વસ્ત્ર અને દક્ષિણા આપવામાં આવે છે.
બદ્રીનાથમાં બ્રહ્મ કાપલિક શ્રાદ્ધ કરવામાં આવે છે , ગયામાં પિતૃશ્રાદ્ધ. અને સિધ્ધપુર પ્રભાસ પાટણમાં માતૃ શ્રાદ્ધ કરવામાં આવે છે. આ જગ્યાએ પિંડદાનની ધાર્મિક વિધિ તેમજ તર્પણ કરવાથી આપણા સાત પેઢી સુધીના પિતૃઓને મોક્ષ પ્રાપ્ત થાય છે.
જો શ્રાદ્ધ ન કરવામાં આવે તો પિતૃદોષ લાગે છે. તેથી ઘરમાં કંકાસ, કજીયા, સંતાન ન થવું ,છોકરાઓ ઉદ્ધત બનવા , સંપત્તિ ન રહેવી , અનેક પ્રકારની મૂંઝવણો રહેવી , અનેક પ્રકારના રોગો, જીવનમાં અશાંતિ વગેરે સમસ્યાઓ ઉત્પન્ન થાય છે, માટે જ પિતૃની જે તિથિ હોય તે દિવસે તર્પણ કરી ભોજન કરાવી અને તેની ક્ષમા યાચના કરવી જોઈએ.
રતીલાલ વાયડા
નવી મુંબઈ. રોડપાલી.

# અમદાવાદ જમીન દલાલ અપહરણ-ખંડણી કેસમાં ૬ આરોપી ઝડપાયા, ભાણિયાએ જ આપી હતી ટીપ

રાજયમાં મારામારી, ચોરી, લૂંટ સહિતની ઘટના સામે આવતી હોય છે, ત્યારે અમદાવાદના રામોલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં અપહરણ અને લૂંટની ઘટના સામે આવી છે. જેમાં જમીનદલાલનું અપહરણ કરીને દાગીના અને રોકડ મળીને કુલ ૫૨.૫૦ લાખનો મુદ્દામાલ લઈને આરોપી ફરાર થઈ ગયા હતા. સમગ્ર મામલે રામોલ પોલીસે ટીપ્સ આપનાર ફરિયાદીના ભાણિયા સહિત ૬ શખ્સોની ધરપકડ કરી લીધી છે અને આરોપી પાસેથી મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, વસ્ત્રાલથી ધોળા દિવસે ૪૩ વર્ષીય જમીનદલાલનું અપહરણ કરીને તેમના પરિવાર પાસેથી રૂ.૫૨ લાખ મુદ્દામાલની લૂંટ કરી હતી. સમગ્ર ઘટનામાં જમીનદલાલના કૌટુંબિક ભાણિયા ઋષિએ જ મામાને લૂંટવા માટે વસ્ત્રાલના સંગ્રામસિંહ નામના શખ્સને ટીપ્સ આપી હતી. આ પછી આરોપીઓએ જમીનદલાલનું અપહરણ કરીને લૂંટને અંજામ આપ્યું હતું.

અમદાવાદ શહેરના વટવાના રહેવાસી અજય સુરેન્દ્રસિંહ રાજપૂત ગત મંગળવારે વસ્ત્રાલથી મેમાડપુરાના સંતોષીનગર પાસેના તેમના પ્લોટ તરફ મોટરસાઈકલ પર જઈ રહ્યા હતા. તેવામાં બપોરે ૧ વાગ્યાની આસપાસ જૂના કબીર મંદિર પાસે કેટલાક શખ્સોએ તેમને કાળા રંગની ઈનોવા કારથી રસ્તો રોકીને હુમલો કર્યો હતો. ત્યારબાદ ટોળકીએ અજયને બળજબરીથી વાહનમાં બેસાડીને લઈ ગયા હતા અને છરી બતાવીને ૧ કરોડ રૂપિયાની માંગણી કરી હતી.

ફરિયાદએ જણાવ્યું હતું કે 'આરોપીઓએ મને લાકડીઓ વડે માર માર્યો હતો. આરોપીએ પૈસા અને કિંમતી વસ્તુઓની વ્યવસ્થા કરવા દબાણ કરતાં મારી પત્નીએ કર્મચારીને રૂ.૭ લાખ રોકડા, રૂ.૨૫ લાખની કિંમતના ૨૫ તોલા સોનાના દાગીના અને



રૂ.૧.૫ લાખની કિંમતના ૧.૨ કિલોગ્રામ ચાંદીના દાગીના આપ્યા હતા, જેને ચિલોડા સર્કલ પર પહોંચાડવાની સૂચના આપવામાં આવી હતી.'

પોલીસે જણાવ્યું હતું કે, આરોપીઓએ બે હપ્તામાં કિંમતી વસ્તુઓ એકઠી કરી હતી. જેમાં પહેલા રોકડ અને પછી સોના-ચાંદીના દાગીના લીધા હતા. ફરિયાદીને વાહનમાં બંધક બનાવીને બાદમાં તેને સાંજે ૭.૩૦ વાગ્યાની આસપાસ રણાસણ રેલવે ક્રોસિંગ અને નર્મદા નહેર વચ્ચે રસ્તાના કિનારે ઉતારી દીધા હતા. તેવામાં ગેંગે કથિત રીતે ફરિયાદીના બે મોબાઈલ ફોન છીનવી લીધા હતા અને ભાગી ગયા હતા. સમગ્ર મામલે પીડિતે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

અપહરણ અને લૂંટની ફરિયાદ મામલે પોલીસે સંગ્રામ સિકરવાર, શિવમ ઉર્ફે કાકુ, સુરજ ચૌહાણ, સેજુ અને અમન ભદોરિયા અને ફરિયાદીનો ભાણિયા ઋષિની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, ફરિયાદીના ભાણિયા ઋષિએ મામાની સંપત્તિ વિશે માહિતી આપી હતી. આ પછી આરોપીઓએ ફરિયાદીને લૂંટવાનું કાવતરું ઘડ્યું હતું.

# જગદીશ ત્રિવેદીએ નિર્દોષાનંદજી હોસ્પિટલ - ટીંબીમાં ૭૬ લાખનું દાન કર્યુ



જાણીતા હાસ્યકલાકાર, લેખક અને સમાજસેવક જગદીશ ત્રિવેદી હાલ અમેરીકાની યાત્રા પર છે. તેઓ ૨૦૧૭ થી પોતાના તમામ કાર્યક્રમોની સંપૂર્ણ આવક આરોગ્ય અને શિક્ષણમાં દાન કરી રહ્યા છે એ હવે સર્વવિદિત છે.

ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ટીંબી ગામમાં આવેલી સ્વામી નિર્દોષાનંદજી હોસ્પિટલ વરસોથી એકપણ રુપિયો લીધા વગર હજારો દર્દીઓની સેવા કરે છે.

જગદીશ ત્રિવેદીએ સૌ પ્રથમ આ હોસ્પિટલમાં પચીસ લાખનું દાન કર્યુ હતું. ત્યારબાદ પોતાના પુત્રવધુનાં ૨૬ મા જન્મદિવસે વધું ૨૬ લાખ રુપિયાનું દાન કરતાં એમના વ્યક્તિગત દાનની રકમ એકાવન લાખ થઈ હતી.

આજરોજ અમેરિકાથી એમણે વધું પચીસ લાખનું દાન આપવાની જાહેરાત કરતાં હવે આ હોસ્પિટલમાં એમનું દાન ૭૬ લાખ થશે. આ જાહેરાત બદલ હોસ્પિટલના ટ્રસ્ટીઓએ અને સંચાલકોએ જગદીશ ત્રિવેદીનો આભાર માન્યો હતો. આ સાથે જગદીશ ત્રિવેદી દ્વારા આપવામાં આવેલા દાનની રકમ સત્તર કરોડને પાર કરી ગઈ છે.

# બોટાદ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ. લી. ની ૬૯ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ



બોટાદ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ની ૬૯ મી વા. સા. સભા.બોટાદ જુના માર્કેટિંગ યાર્ડ ખેડૂતભવન હોલમાં ચેરમેન પ્રતાપભાઈ એ.ધાધલ નાં અધ્યક્ષ સ્થાને મળી જેમાં તાલુકા સંધ ના ડિરેક્ટરો તથા બોટાદ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ પટેલ ભાજપ મહામંત્રી રસિકભાઈ ભૂંગાણી તથા છૅદ્વક્ષ નાં ચેરમેન મનહરભાઈ માતરીયા તથા વાઈસ ચેરમેન છનાભાઈ કેરાળીયા તથા બોટાદ ક્રૅદ્વક્ષ નાં ડિરેક્ટરરો બોટાદ તાલુકા ના સહકારી ક્ષેત્રનાં મહાનુભાવો તથા તાલુકાની મંડળી નાં પ્રમુખ મંત્રી ખુબ મોટી સંખ્યા માં હાજર રહેલ પ્રતિકભાઈ વડોદરિયા દ્વારા સૌ મહેમાનો નું શાબ્દિક સ્વાગત કરેલ તથા સંધ નાં મેનેજર ભરતભાઈ ખાચર દ્વારા વાર્ષિક હિસાબો રજુ કર્યા ૨૦૨૪/૨૫ નો નફો રૂ. ૩૫ લાખ જેવો થયેલ સભાસદ મંડળી ને ૧૫ % ડિવિડન્ટ જાહેર કરેલ તેમજ દરેક મંડળી ને ૨ ખુરશી ભેટ આપેલ જેથી સહકારી શેત્ર મા આનંદ નું મોજું પ્રસરેલ સમગ્ર કાર્યક્રમ નું શ્રેષ્ઠ અને બેસ્ટ સંસાલન પીપાવતભાઈ એ કરેલ સંધ નાં તમામ કર્મચારી નો ખુબ સહયોગ રહ્યો

# ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રી તથા આદિજાતિ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડિંડોર તથા પ્રો. જિતેન્દ્ર ચૌધરી, ડૉ. પ્રતિભા ચૌધરી, ડૉ. નીલ ચૌધરી અને શ્રી ભૂમિલ અણિયાળયાનાના વરદ હસ્તે જયશ્રી ચૌધરીની ''છિલુગરી'' નવલકથાનું વિમોચન

રાજયકક્ષાના આદિજાતિમંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ શુભેચ્છા પાઠવી હતી. નાયબ સચિવ ડૉ. હર્ષિલ પટેલ, નાયબ સચિવ શ્રી દિનેશ ચૌધરી, ઉપસચિવ શ્રી નિરવ ગામીતે શુભેચ્છાઓ પાઠવી હતી.જયશ્રી ચૌધરી અંકલેશ્વરની શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજ અંકલેશ્વરના એસોસિએટ છે. આ નવલકથાને ઘડવા માટે લેખિકાના સાહિત્યિક ગુરુ ડૉ.જી.કે. નંદાએ કડક પરીક્ષણ કર્યું હતું અને માર્ગદર્શન આપ્યું હતું. અંકલેશ્વરના ધારાસભ્ય શ્રી ઈશ્વરસિંહ પટેલે કેળવણી, ધર્મ, સંસ્કાર અને શિક્ષણ માટે સદૈવ સહકાર આપતા રહ્યા છે. તેમણે લેખિકા જયશ્રી ચૌધરીને લેખન માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું હતું, અગાઉ બે પુસ્તકોને આર્થિક સહયોગ આપ્યો હતો. લેખિકાના માતા સીતાબેન ચૌધરી, જીવનસાથી પ્રો. જીતેન્દ્ર ચૌધરી તથા પુત્રી ડૉ. પ્રતિભા ચૌધરીના સહયોગથી લેખિકાની સર્જકતા મહોરી છે.



આ નવલકથા પાર્શ્વ પબ્લિકેશન દ્વારા પ્રસ્તુત થઈ છે. તેની પ્રસ્તાવના ગુજરાતી સાહિત્યના પ્રખર વિવેચક ડો ભરત મહેતાએ લખી છે. સમીક્ષક ડૉ. મીનલ દવેએ ઉમળકાથી 'છિલુગરી' નવલકથાને આવકારી છે. પ્રસિદ્ધ વિવેચકો આ નવલકથાનો અભ્યાસલેખ તૈયાર કરી રહ્યા છેતેમનું જન્મ સ્થળ નળધરા-ડુંગરી તા. મહુવા જી. સુરત છે: વતન અંધારવાડીદૂર, જિ. તાપી છે.

અંકલેશ્વરની શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજ અંકલેશ્વરના એસોસિએટ પ્રોફેસર ડૉ. જયશ્રી ચૌધરીની 'છિલુગરી' નવલકથા કવાડિયા પર્વતના મુખે કહેવાય છે. 'છિલુગરી' કાલ્પનિક ગામ છે : તે રાષ્ટ્રીય અને ગ્રામ વિકાસમાં યુવાનોની ભૂમિકા અને ફાળો, સ્વદેશી તથા સ્વાવલંબી ગામની કથા આધુનિક ટેક્નિક વડે લખાઈ છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં આદિવાસીઓની સહભાગિતાના અલિખિત ઈતિહાસને પ્રસ્તુત કરે છે. આ ઉપરાંત દેવી આંદોલન અને ગાંધી વિચારથી બદલાતા આદિવાસી વિસ્તારની તાસીર તથા આદિવાસીઓની વિચારધારાને સુપેરે રજૂ કરે છે. આદિવાસી સંસ્કૃતિ, કલા, પરંપરા, મંત્ર-તંત્રની રમતો, દક્ષિણ ગુજરાતની ચૌધરી, ધોડિયા, ગામીત, વસાવા, ડાંગી, કુકણા, હળપતિ, કોટવાડિયા તથા ઉત્તર ગુજરાતની રાઠવી બોલીનો વિનિયોગ અહી કરવામાં આવ્યો છે. નવલકથાના અંતે સચિત્ર શબ્દકોશ પણ આપવામાં આવ્યો છે; ૪૦૭ પાનાની આ નવલકથામાં અલભ્ય ચિત્રો દર્શાવવામાં આવ્યા છે.

આ નવલકથા પંચમહાભૂતોની સુરક્ષા તથા જળ, વાયુ, સૌર તથા ગોબર ઊર્જા સંપાદન અને પ્રાકૃતિક ખેતી તથા પર્યાવરણીય સુરક્ષા રજૂ કરતી આદર્શ અને વાસ્તવવાદી નવલકથા 'છિલુગરી' એક અદ્વિતીય કથા પ્રસ્તુત કરે છે. આદિવાસીઓની પરંપરા તથા સાહિત્યનો સુમેળ આ નવલકથામાં છે. આ નવલકથાએ ૨૦૧૯ માં પ્રશંસા પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો; ત્યાર પછી લેખિકાએ લગભગ ચાર વર્ષની મહેનત પછી આ નવલકથાને આકારિત કરી છે.

# ધાનેરા ના લવારા ચેક પોસ્ટ ઉપરથી માદક પદાર્થ મેફેડ્રોન સાથે બે ઈસમો ને પકડી પાડતી ધાનેરા પોલીસ



એમ.જે.ચૌધરી પોલીસ ઈન્સ્પેક્ટર ધાનેરા પોલીસ સ્ટેશન નાઓએ સ્ટાફના માણસો સાથે લવારા ચેકપોસ્ટ ખાતેથી સ્વીફ્ટ ગાડી રજી નં.ય્ત્ન ૦૫ ર્મ્ઠ ૮૮૪૭ ના ડ્રાઈવર તહો.નં (૧) પન્નેસીહ મોડસીગ જાતે.રાજપુત ઉ.વ.૩૯ ધંધો.મજુરી (ચા ની કીટલી) રહે.કતારગામ વેડરોડ હરીઓમ મીલની પાછળ સુરત તા.જી.સુરત મુળ રહે.મુનતલા કાબા તા.ભીનમાળ તથા જી.ઝાલોર(રાજસ્થાન) ગાડીના માલીક તહો નં.(૨) ધાર્મીન વિનોદભાઇ જાતે.પટેલ ઉ.વ.૩૧ ધંધો.ડ્રાઈવિંગ રહે.બી-૬૩૦, સીતારામ સોસાયટી, અર્ચના સકુલની પાસે, પુણાગામ, સુરત તા.જી.સુરતવાળાઓના કબ્જામાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો માદક પદાર્થ મેફેડ્રોન વજન ૭૦.૦૦ ગ્રામ જેની કિ.રૂ. ૭,૦૦,૦૦૦/- ના મુદામાલ તથા અન્ય મુદામાલ મળી કુલ કિ.રૂ.૧૦,૭૦,૫૨૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી બંન્ને ઈસમો વિરુધ્ધમા આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

# અરવલ્લી જિલ્લામાં કરાશે આઠમા રાષ્ટ્રીય પોષણ માહની ઉજવણી



મોડાસા

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તથા ગુજરાત રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્ય સાથે અરવલ્લી જિલ્લામાં પણ ૧૭ સપ્ટેમ્બર થી ૧૬ ઓક્ટોબર દરમિયાન રાષ્ટ્રીય પોષણ માસ ૨૦૨૫ ઉજવવામાં આવશે

આ દરમિયાનનો મુખ્ય હેતુ કુપોષણ અંગે જાગૃતિ લાવો ગર્ભવતી તથા સત ન પાન કરાવતી માતાઓ બાળકો કિશોરીઓ અને કુપોષણ ગત નાગરિકોમાં સંતુલન આહાર તથા પોષણ અંગે માહિતી પહોંચાડવાનો છે આ કાર્યક્રમ દરમિયાન મુખ્ય પાંચ થીમ આધારિત વિવિધ કાર્યક્રમો યોજાશે સ્થુળતા બાબતે જાગૃતિ પ્રાથમિક બાળ સંભાળ અને શિક્ષણ પઢાઈ પોષણ વિશે નાના બાળકોને ખોરાક આપવાની પદ્ધતિએ પુરુષોની સહભાગીતા વધારવી વોકલ ફોર લોકલ સ્થાનિક ખાદ્ય પદાર્થોને પ્રોત્સાહન આધારિત વિવિધ કાર્યક્રમો યોજાશે

જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટર શ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ તમામ વિભાગો આંગણવાડી કાર્યકરો આશા વર્કરો તથા સ્થાનિક સંસ્થાઓ આ અભિયાનમાં સહભાગી થશે આ કાર્યક્રમના યોગ્ય આયોજન માટે જિલ્લા વિકાસ અધિકારી શ્રી કેડિયાના અધ્યસ્થાને અમલીકરણ અધિકારીઓ અને કર્મચારીઓની બેઠક મળી હતી જેમાં કાર્યક્રમને વધુ બનાવવા માટે સૂચન અને ચર્ચા કરવામાં આવી હત

# લોસ એન્જલસમાં Dy CG સાન ફ્રાન્સિસ્કોના રાકેશ અડલખા

લોસ એન્જલસ

દક્ષિણ કેલિફોર્નિયા, જ્યાં ઘણા ભારતીય અમેરિકનો ૪૦+ વર્ષથી વધુ સમયથી પોતાનું ઘર માને છે, તેઓ લંચ માટે ભેગા થયા હતા. ખરેખર તો, દરેક ભારતીય અમેરિકનને ભારતના સાચા રાજદૂત કહી શકાય. હા, ભારતીય અમેરિકનો ઉચ્ચ શિક્ષિત, સફળ ઉદ્યોગસાહસિક, મૈત્રીપૂર્ણ અને કુટુંબલક્ષી છે. તેઓ ભારતની છબી ખૂબ જ ઊંચી બનાવી શકે છે.

આર્ટેસિયામાં સુંદર ધ કેક કોર્નર બેન્ક્વેટમાં ઘણા અગ્રણી ઈન્ડિયન અમેરિકન એસોસિએશનના અધિકારીઓ



લંચ માટે ભેગા થયા હતા. અમે બધા મૈત્રીપૂર્ણ અને સરળ સંપર્ક કરી શકાય તેવા ભારતીય કોન્સ્યુલેટ સાન ફ્રાન્સિસ્કોનું સ્વાગત કરવા માટે ઉત્સાહિત છીએ તે દક્ષિણ કેલિફોર્નિયા વિસ્તારનું નિરીક્ષણ કરતા ડેપ્યુટી સીજી રાકેશ અડલખા છે.

તેમણે વિઝા સેવાઓના અપડેટ્સ આપ્યા હતા. ઝ્‌ અને ઢ્ઠ ઝ્‌ બંને સમુદાય સાથે સતત સંપર્કમાં છે અને વિઝા બાબતોમાં ૨૪/૭ મદદ કરી રહ્યા છે.

હવે ભારતીય કોન્સ્યુલેટ ન્છ એ તેમની ઓફિસ લીઝ પર હસ્તાક્ષર કર્યા છે અને સેવાઓ માટે પણ તૈયારી કરી રહ્યા છે, તેથી ઉપસ્થિતોએ જણાવ્યું હતું કે અમને લોસ એન્જલસમાં ઝ્‌ અદલખાજીને જોવાની વધુ ખોટ સાલશે કારણ કે લોસ એન્જલસના નવા ઝ્‌ ટૂંક સમયમાં લોસ એન્જલસમાં આવી રહ્યા છે. આર્ટેસિયા સિટીના યુવા કાઉન્સિલવુમન ઝિલ આહિરે શ્રી અદલખાજીને ઘોષણાપત્ર રજૂ કર્યું હતું. તમામ સંગઠનો દ્વારા શ્રી અદલખાજીને સંયુક્ત ઘોષણાપત્ર સોંપવામાં આવ્યું હતું. નાયબ ઝ્‌ અદલખાજીએ સૌનો આભાર માન્યો હતો. લંચનું આયોજન ફાલ્ગુનીબા અને કનકસિંહ ઝાલા, સુનિલ અગ્રવાલ અને ગૌરવ ભાર્ગવે કર્યું હતું.

# ધોળકાની રૂ. ૨૫ લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, પાડોશમાં રહેતો મિત્ર જ નીકળ્યો ચોર

: અમદાવાદ ગ્રામ્ય પોલીસની લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ ધોળકા ટાઉનમાં તાજેતરમાં બનેલી એક મોટી ઘરફોડ ચોરીનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલી કાઢ્યો છે. આ મામલે પોલીસે ગુનામાં સંડોવાયેલા એક આરોપીની ધરપકડ કરી છે. જેમાં ચોરી થયેલો લગભગ પૂરેપૂરો મુદ્દામાલ પોલીસે રિકવર કરી લીધો છે. રૂ. ૨૫ લાખ કિંમતના સોના-ચાંદની દાગીના અને રોકડ ચોરીના કેસમાં પાડોશમાં રહેતો મિત્ર જ ચોર નીકળ્યો હોવાનું સામે આવ્યું છે.

ધોળકા શહેરના લોધીના લીમડા પાસે આવેલી અરહિંત હોસ્પિટલ સામે એક ઘરમાં ૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મોટી ચોરી થઈ હતી. ચોર ગેરેજના શટરનું તાળું ચાવીથી ખોલીને ઘરમાં પ્રવેશ્યો હતો અને ભીંત કબાટમાંથી તિજોરીની ચાવી શોધીને રૂ.૨૪.૯૭ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી કરી હતી. જેમાં રૂ.૫.૯૭ લાખના દાગીના અને ૧૯ લાખની રોકડ રકમનો સમાવેશ થાય છે. ચોરીના બનાવ મામલે ધોળકા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.કેસ મામલે ન્ઝ્રમ્ની અલગ-અલગ ટીમો દ્વારા ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ કરી અને સ્થાનિક બાતમીદારોની મદદ લેવામાં આવા હતી. જેમાં પોલીસે ચોક્કસ બાતમીના આધારે ઉમરફારૂક મહમદભાઈ મનસુરી નામના વ્યક્તિની પૂછપરછ કરતાં તેણે ગુનાની કબૂલાત કરી હતી. આરોપી ધોળકાના દમારવાડાનો રહેવાસી છે. તે ઘરમાલિકનો પાડોશી અને મિત્ર હતો અને તેની દુકાન સામે ફ્રુટની લારી ચલાવતો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.